# શ્રી સર્વોદય એજ્યુકેશન સોસાયટી સંચાલિત
# શ્રીમતી જી. જે. શેઠ કોમર્સ કોલેજ, મોરબી

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના NOC પત્ર ક્રમાંક કવટ/ISC-3/વર્ગ 3/NOC/20438-40 તા.20/09/2025 તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક કવટ/ISC-3/NOC/મુ.વધારો/22341 તા.28/09/2026 થી બીજા પ્રયત્નથી કોમ્પ્યુટર પ્રોગ્રામર (વર્ગ-3) ની જગ્યા ભરવા માટે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી વેબસાઇટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયં પ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી કોલેજના સરનામે દિન ૧૫ માં રજી. એ.ડી./સ્પીડ પોસ્ટથી રજુ કરવા જણાવવામાં આવે છે.

## ૧. સંવર્ગની જગ્યાની વિગત

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | ખાલી કેટેગરી | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૧ | ઓપન | માન્ય યુનિવર્સિટીના કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક ડીગ્રી અથવા એમ.સી.એ. / એમ.એસ.સી. (આઇટી) |
| | | ૦૧ | એસ.ઇ.બી.સી. | |

## ૨. શૈક્ષણિક લાયકાત અને અન્ય શરતો:

- માન્ય યુનિવર્સિટીના કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં સ્નાતક ડીગ્રી અથવા એમ.સી.એ. / એમ.એસ.સી. (આઇટી).
- ઉમેદવાર ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી અથવા ત્રણેય ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહીં.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ- ૨૦/૦૯/૨૦૨૫ થી મળેલ એન.ઓ.સી. ની તમામ શરતો બંધનકર્તા રહેશે.

- અધુરી વિગતોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નક્કી કરેલ ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવાર એકથી વધુ કેટેગરી વાળી જગ્યા પર અરજી કરે ત્યારે ઉમેદવારે લેખીત પરીક્ષામાં મેળવેલ ગુણ અરજી કરેલ બધી જ કેટેગરી માટે એક સરખા જ ગણવામાં આવશે.

## ૩. કોમ્પ્યુટર પ્રોગ્રામર માટેની અગત્યની સુચના:

- અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.
- સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ દિવ્યાંગતાની 40% કે તેથી વધુ ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટિફિકેટ ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે (તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે, મહત્તમ 45 વર્ષની મર્યાદામાં).
- માજી સૈનિક ઉમેદવારો કે જેમણે આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તેઓને બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

## ૪. રાષ્ટ્રીયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## ૫. વયમર્યાદા:

ઉમેદવારની ઉમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

## ૬. વયમર્યાદામાં છુટછટ:

ઉમેદવારને ઉમર મર્યાદામાં છુટછાટ ફક્ત ગુજરાત સરકારના નિયામો અન્વયે મળશે.

## ૭. કમ્પ્યુટરની જાણકારી:

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવો મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ તથા કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતો હોવો ફરજીયાત છે.

## ૮. પરીક્ષા પદ્ધતિ:

આ જગ્યા માટે સીધી ભરતીથી પસંદગી કરવા માટે એક તબક્કામાં લેખિત પરીક્ષા યોજાશે :

<u>લેખિત પરીક્ષા</u>

સામાન્ય વહીવટી વિભાગના જાહેરનામા મુજબ ગ્રુપ- A (કોમ્પ્યુટર પ્રોગ્રામર) માટે વર્ણાત્મક પ્રકારના પ્રશ્નો ધરાવતી પરીક્ષા લેવામાં આવશે

## લેખિત પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

Part-A :

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| 1. | તાર્કિક કસોટી, Data Interpretation | ૩૦ |
| 2. | ગાણિતિક કસોટી | ૩૦ |
| 3. | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

Part-B :

| ક્રમ | વિગત | ગુણ |
|---|---|---|
| 1. | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૨૦ |

૧) ઉમેદવારોને પસંદ કરવા માટે પરીક્ષા PART-A અને PART-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. MCQ પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

૨) PART-A અને PART-B બંને માટે સયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.

૩) PART-A અને PART-B સ્વતંત્ર Qualifying Standard રહેશે. તથા બંને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની PART- A અને PART-Bમાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

૪) PART-A અને PART-Bના કુલ ૨૧૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણને આધારે આખરી પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

૫) ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જવાબ આપેલ નહી હોય તો તે પ્રશ્ન ના 0.25 ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.

૬) પ્રશ્નોના પ્રત્યેક ખોટા જવાબ દીઠ 0.25 ગુણ નેગેટિવ માર્કિંગ રહેશે.

૭) દરેક પ્રશ્નોમાં "જવાબ આપવા માંગતા નથી" નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.

૮) દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

### ૯. સામાન્ય સૂચનાઓ :

- ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.

- ઉમેદવારે અરજીપત્રકમાં જે ફોટો અપલોડ કરેલ છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની કોપીઓ પોતાની પાસે રાખવી અને સમગ્ર ભરતી પ્રક્રિયામાં તેનો જ ઉપયોગ કરવાનો રહેશે.(જેમકે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તેજ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે).
- ઉમેદવાર અરજી કરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી સંપર્કમાં રાખવો.
- ઉમેદવાર અરજી કરતી વખતે પોતાના ઓળખપત્ર માટે આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવિંગલાઇસન્સ, પાસપોર્ટ જેવા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં જોડેલ તમામ પ્રમાણપત્રોની ચકાસણી સમયે કે ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમિયાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી સંચાલક મંડળ રદ કરી શકશે અને તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલ હશે તો પસંદગી/નિમણૂક સંચાલક મંડળ કે નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.
- સંચાલક મંડળ દ્વારા લેવામાં આવનાર લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વમંજૂરી મળ્યા બાદજ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે તમામ શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.
- ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકશે. નિમણૂક બાબતે તેમનો નિર્ણય આખરી ગણાશે.
- આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.
- આ ઉપર મુજબની માહિતી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીની એનઓસી અને પરિપત્રોને આધારે અમારી જાણકારી મુજબ તૈયાર કરેલ છે, જેને આખરી ગણવી નહીં. સરકારશ્રી ના નિયમો અને સૂચનાઓ મુજબ ભરતી પ્રક્રિયા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગુજરાત ગૌણ સેવા પસંદગી

મંડળ અને ગુજરાત સરકારના માર્ગદર્શન અને સૂચના મુજબ તેમાં ફેરફારને અવકાશ છે. તમે કોઈ હકદાવો રજૂ કરી શકશો નહીં.

- જ્યાં સુધી ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી કોલેજની વેબસાઈટ ઉપર વખતો વખત જરૂર જણાય ત્યારે નવી માહિતી કે સુધારા-વધારા સાથેની માહિતી, સૂચનો અને માર્ગદર્શન મૂકવામાં આવશે, જેથી ઉમેદવારે સમયાંતરે વેબસાઈટ જોતી રહેવી.
- ભરતી અંગે ની ઉપરોક્ત માહિતી આખરી નથી. તેમાં ફેરફારને અવકાશ છે, જે તમોને બંધનકર્તા રહેશે.
- તમામ ન્યાયિક બાબતો મોરબી અધિકાર ક્ષેત્રને આધીન રહેશે.

**<u>અગાઉ અરજી કરેલ અને માન્ય થયેલ ઉમેદવારોએ પુનઃઅરજી કરવાની રહેશે નહિ.</u>**

## ૧૦. પ્રતિક્ષાયાદી :

પ્રતિક્ષાયાદી તૈયાર કરવા બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.